ૐ

કટ નિવારણ અંતરની પ્રાર્થના.

જેમાં

ધ અને પધમાં વાંચવા લાયક ધાર્મીક બાબતોનો
સમાવેશ કરવામાં આવ્યો છે.

લેખક તથા પ્રકાશક.
ખત્રી ભગતજી ભગવાનદાસ માણેકચંદ વ્યાસ.
ઠે. બેગંમપુરા ગેટ સામે-સુરત.

દોહરો.

જાગ જાગ મન મુરખા ભજન કરી લે ઝટ,
સ્વપનાવત સંસાર છે હરી હરી ગા ગા રટ;
ધન જોબન સુત નારને મળે મોટુ જગ માન,
પલ એક પલટશ જશે ચેત ચેત ભગવાન.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

મુલ્ય અમુલ્ય.

ૐ

સંકટ નિવારણ અંતરની પ્રાર્થના.

જેમાં

ગદ્ય અને પદ્યમાં વાંચવા લાયક ધાર્મીક બાબતોનો
સમાવેશ કરવામાં આવ્યો છે.

લેખક તથા પ્રકાશક.

ખત્રી ભગતજી ભગવાનદાસ માણેકચંદ વ્યાસ.

ઠો. બેગમપુરા ગેટ સામે-સુરત.

દોહરો.

જાગ જાગ મન મુરખા ભજન કરી લે ઝટ,
સ્વપનાવત સંસાર છે હરી હરી ગા ગા સટ;
ધન જોબન સુત નારને મળે મોહું જગ માન,
પલ એક પલટાઇ જશે ચેત ચેત ભગવાન.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

મુલ્ય અમુલ્ય.

સુરત થી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે
તથા
"દેશી મિત્ર" પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપી.



સંકટ નિવારણ અંતરની પ્રાર્થના.

આ સ્તુતિ જે કોઇ ખરા અંતઃકરણથી હૃદયમાં પરમાત્માને જાણી કરીને કરશે તેનું જરૂર જરૂર સંકટ દુર થશે અને પ્રભુ તેની લજયા સર્મ રાખશે આ વાત ખરા અનુભવથી લખીછે. માટે મનને સ્થિર રાખીને વાંચવી.

૧. ૐ નમો ભગવતે વાસુદેવાયનમઃ અપાર કૃપાળુ મયાળુ અને હેતાળુ પુજય શ્રીમંત શ્રી સત્યનારાયણ ભગવાન હું ગરીબદાશ આપ અંતરયામીને સરણે આવ્યો છું. ભગવાન! મ્હારી ભીડ ભાંગો અધમ ઉધારણ સત્યનારાયણ બાપુ મારૂં સંકટ હરો સરણાંગત પાલક સત્યનારાયણ ભગવાન મને સરણે રાખો દીનબંધુ સત્યનારાયણ ભગવાન દીનદાશપર

દયા કરો ભકત વત્સલ ભગવાન દાશના મનને પ્રસંદ કરો અનાથના નાથ નારાયણ મને નિર્ભય કરો રણથી છોડાવનાર રણછોડ ભગવાન તમારા અનાથદાસને રણથી મુકત કરો હે ? પતિત પાવન પરમાત્મા તમારા પતિત દાસને પાવન કરો. હે ? વિશ્વનાથ આપ જગતના નીયંતા અને અપાર માયાના પતિ પરમેશ્વર છો. તમારી માયામા બ્રહ્માદિક મોહી રહેલા છે. તો હું એક પામર પશુ આપ મહાન ઇશ્વરની સ્તુતિ કરવાને મનમાં ઈચ્છા કરૂં છું તે હે ! ભગવંત આપ અંતરયામીના પ્રતાપે કરીને આપને પ્રિય લાગે તેવી સ્તુતિ ભકતના હિતનાં અર્થે અને દુઃખીઓને દુઃખમાંથી મુકત કરવા અર્થે આપ અનાથના નાથ અંતરની ભક્તિની પ્રસાદી આપશો. સદા તમારે સરણે છું.

૨. ૐ શ્રી નામને ધરાવનારા સર્વ જગતને એક અંશથી ધારણ કરનારા જેનો આદિકે અંત કોઈ જાણતું નથી જે બ્રહ્મા વીશ્નુ અને મહાદેવથી પર જેનાગ જેહને પરબ્રહ્મ [illegible] છે. જેહનું રૂપ રંગ કે ઢંગ કલપનામાં આવી સકે તેવા નથી. જે સર્વેમાં મનનાં પ્રેરક રૂપે અને અંતમાં કાળરૂપે મારનારા છો જેને કોઇ પણ જાણી શકતું નથી તે સર્વ સક્તિમાન સત્યનારાયણને શરણે આવ્યો છું હે ! ભગવાન મારૂં સંકટ હરો.

૩. જગતના કારણ મુળ સહિત પાપનો નાશ કરનારા અજિત વેદ અને પુરાણના અધિષ્ઠાતા કલ્યાણને કરનારા

કલ્યાણ સ્વરૂપ જેના નામના પ્રતાપે ગમે તેવું ભયંકર દુઃખ દુર થાય છે. જે અવિનાશિ ક્ષીર સાગરમાં શેષનાગપર સયન-કરી ઘોર નિંદ્રામાં સુતા છે જે જાણુતા છતાં અંજાણુ થઈને જગ્તનો નાટક ભજવી રહ્યા છે એવા મહાવિષ્ણું શ્રી સત્ય-નારાયણ ભગવાનને નમસ્કાર કરૂં છું. અંતરયામી તુરત સંકટ હરો, તમારી ગા છું.

૪. જે પ્રભુને સમાધી કરનાર મહાત્માઓ તથા હઠ કરનારા જોગીઓ મહામુસ્કેલીથી પણ મળી શકતા નથી તેજ ભગવાન રોહીદાસ ચમાર ભકતના પ્રેમથી જોડા સીવવાની જગ્યાપર પાણીની કુંડીમાં રમતા હતા. જે પરમાત્મા! કેવળ પ્રેમનેજ આધિન છે. અને તેજ અંતરયામી હરી કે જેમણે કર્માબાઇની વગર ન્હાયે ધોયે વિના આચાર વિચારે પ્રેમથી બનાવેલી ખીચડી પ્રસંન થઇને આરોગતાં હતા. એવા પ્રેમનેજ જાણુનારા ભકત આધીન ભગવન શ્રી કૃષ્ણપરમાત્માને અપાર નમસ્કાર કરી શરણે પડયો છું. વ્હાલા વિભુ! તુરત મ્હારૂં સંકટ હરો

૫. જે પ્રભુનું નામ અધમ ઓધારણછે, જે પરમાત્મા મ્હોટો ડોળ ઘાલનાર અને પારકાના દુગુણ જોનાર અને પોતાને સુધ્ધાચારી જાણનાર મરજાદીઓને સ્વપને પણ દર્શણ દેતા નથી. તેજ અંતરયામી ભગવાન કે જે ગોરૂબા કુંભાર કે જે સર્વે વસ્તુ ખાનાર પીનાર એક નીચ જાતી જે આચાર વિચાર કાંઇજ સમજતો નહિં તેના સુધ્ધ

દીલથી અને સાચા પ્રેમથી પ્રશન થયા હતા તે મહા કૃપાળુ માયાળુ મોહનને સરણે આવ્યોછું હે! નાથ હે! નાથ આ દુઃખી દીન દાસના તરફ નજર કરો. અંતરયામી મ્હારૂં સાચું કે ખોટું દીલ આપ અંતર આત્મારામથી શું? અજાણુછે. મને ક્ષમા કરો! ક્ષમા કરો!! ક્ષમા કરો!!!

૬. જે અલિપ્ત મહાજોગી જોગીઓના જોગી અને ભોગીઆનો ભોગી સણગારને પ્રગટ કરનારા શ્રી નંદકુમાર શ્રી રાધીકાજીની સાથે માનુસીક ચાળા કરનારા જે કૃષ્ણના ખરા અંતરના પ્રેમથી વસ થયા હતા પ્રિતી શું? સણગાર શું? એ સર્વે એકજ અવિનાસી જાણનારા જે અંતરયામી અભોકતા તે ભોકતારૂપે ભાષનારા અસંગ અવિકારી આત્મારામ શ્રી કૃષ્ણ પરમાત્માને ભાવે યા કભાવે દીનતાથી સરણે આવ્યો છું સ્વામી સહાય થાઓ સંકટ હરો.

૭. જે પરમાત્મા અનંત વિભુતીયોથી જગતમાં વ્યાપી રહ્યાછે ચંદ્રને સુર્ય જેના નેત્રછે લક્ષ્મિ આદી સાત સ્રી રૂપ જે પોતાની અત્યંત પ્રિય વિભુતીયોછે ગંગા અને જમના જેહુની વિભુતિયો છે અગ્નિ જેહનું મુખ છે. દિશાઓ જેની ભુજાછે. મનુષ્યોમાં જે ભક્તિ કરનાર રૈયતને સુખી કરનાર સર્વે પર પ્રીત રાખનાર જેહનામાં અભિમાન નથી. એહવા જે રાજા છે. તે ભગવાનની વિભુતીછે. રૂદ્રોમાં શંકર છે. કવીઓમાં શુક્રાચાર્યછે. જેહ પુરૂષનું સુભ થાવાનુ હોય છે. તેમાં નિતી રીતી રૂપે વાસ કરી રહ્યા છે એહવી

અપાર વિભુતીઓને પ્રગટ કરનારા હે! ભગવન્ હે! વિશ્વનાથ હે! ગરીબના બેલી ગરીબનવાજ આ તારા દીન દુઃખી ગુલામ પર દયા કર આ મ્હારી વખત બે વખતની મ્હારી ખરા અંતઃકરણથી સ્તુતિ કૃપાનાથ સ્વીકારો.

૮. જે શંકટમોચન અંતરયામી ભગવાનને નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી હતી. અને સામળશાનું રૂપ ધારણ કીધું હતું. જે રસીક મોહન પોતાના ભક્તો માટે અંતરમાં બહુજ કાળજી રાખે છે. જે પુજ્ય પરમાત્મા શ્રીએ નરસિંહ મહેતાના પિતાશ્રીનું શ્રાદ્ધ કીધું હતું. અને અદભુત ચમત્કાર દેખાડયો હતો અને ગરીબનવાજ પરમાત્માએ નરસિંહ મહેતાના પુત્રના ઘણીજ ધામધુમથી લગ્ન કીધા હતાં અને જે ભીડ ભંજન ભગવાને નરસિંહ મહેતાના સંકટ સમયે હાર આપી લાજ રાખી હતી. તે સમયે સત્યનારાયણ ભગવાન તમને અપાર નમસ્કાર કરૂં છું મ્હારી લજ્યા રાખો. હરી! હરી!! આપને સરણે છું સંકટ હરો ભગવાન.

૯. જે પ્રભુ વાસુદેવ પ્રભુના નામથી ઓળખાય છે જે સર્વ શક્તિમાન સર્વેશ્વર વિભુ દેવેંદ્ર વાસુદેવ પ્રભુના ચરણ કમળનું ધ્યાન કરવાથી જરૂર જરૂર અનુભવ સહિત સત્ય કહું છું કે જે અષ્ટ સિદ્ધિ અને નવ નીધિ ભગવાનની પ્યારી શ્રી મહાલક્ષ્મીજી કે જે લક્ષ્મી વિના આ જગતમાં કોઈ જગ્યામાં માન નથી જગતમાં સર્વથી મ્હોટા પુજ્ય શ્રી

મહાદેવી જે સર્વ સક્તિ છે. તે જેહના ચરણ કમળની દાશી છે. તે શ્રી મહા પ્રભુજી સર્વેશ્વર શ્રીજી બાવાને અપાર નમ્રતાથી હૃદયના પ્રેમ સહિત સવા લાખ વખત નમસ્કાર કરૂં છું. હે! તાત હે!! તાત કોટાન કોટી ગુન્હાને અપરાધ ને ક્ષામા કરનાર જે શરણમાં આવેલા કદી પણ ત્યજતા નથી એવા મહાકળ ઇશ્વરને સરણે આવ્યો છું અંતરયામી આદીન દુઃખી દાશની સ્તુતિપર ધ્યાન આપો! અંતરયામી ધ્યાન આપો!! અને આ મહા સંકટમાંથી હે! સંકટ મોચન મહેશ્વર મને મુક્ત કરો.

૧૦. વ્હાલા પરમ પુજય પિતાશ્રી તથા માતાશ્રી સર્વોત્તમ સર્વથી મ્હોટા સર્વના કારણ એક અંશથી ચાદ કોટી બ્રંહ્માડને ધારણ કરી રહ્યાછે તે સમર્થ શ્રી વાસુદેવ હરીને નમસ્કાર કરૂંછું.

૧૧. જે અંતરયામીની ગતીને કોઇ જાણતું નથી જે પલમાં રંકને રાય અને રાયને રંક બનાવી દેછે અને જે અભિમાનીઓને પાયમાલ બનાવી દેછે. જે અહંકારનો આહાર કરવાવાળા છે જે નમ્રતા વાળા પુરૂષના મુગટ મણી છે. જે નમ્રતાવાન પુરૂષને તુર્ત સંકટમાથી મુકત કરે છે. જે હરીની અદભુત રચનાની કોઇને પણ ખબર પડતી નથાં તે [illegible] [illegible] [illegible]માન સચ્ચિદાનંદ પ્રભુને શરણે આવ્યો છું. હે' [illegible]ાન શરણાંગત્ આશ્રિતનું તુર્ત સંકટ હરો.

૧૨, જે વિશ્વનાથ શ્રી મહાલક્ષ્મીના પ્રિયતમ છે જે અનાથના નાથના નામથી ઓળખાય છે. જેહનું નામ મહા પાપીને પવિત્ર કરવાથી પતિત પાવન નામ જગતમાં અને ભકતમાં પ્રસિધ્ધ છે. જે ભગવાન જે કૃપાળુ ભગવાન ભકતોના સંકટ હરવાને માટે રાત્રી દિવશ જાગૃણ કરી રહ્યા છે. જે પરમાત્મા પોતાના ભકતોની યશ કીર્તિ વધારનારા છે. જે ભકતોના સત્રુનું મુળ ખોદી નાંખનારા છે. એહવા મહા કૃપાળુ ભકતેશ્વર ભગવાનને આ દુઃખી દીન દાશ સાચા પ્રેમથી સરણમાં આવી અપાર નમસ્કાર કરી સ્તુતી કરૂં છું હે ! નાથ હે ! દેવ હે ! દાતાર મ્હારૂં રક્ષણ કરો.

૧૩, જે સાન્ત સ્વભાવના છે. જે લાખો ગુન્હાને માફ કરનારા છો પોતાના બચ્ચાઓ જે ખરા અંતઃકરણથી સરણમાં પડેલા છે. તેનું વાંકાનું સીધુ કરીઆપનારા પોતાના ભકતોના દુર્ગુણને સદગુણ કરનારા રાઇસમ સેવામાં પહાડ-સમ માનનારા મહા દાતાર દીનબંધુ વાસુદેવ ભગવાનને શરણે આવ્યો છું. વ્હાલા હરી ! દયાળુ હરી ! ! કૃપાળુ હરી !!! ક્ષમા કરો ! ક્ષમા કરો ! ! ક્ષમા કરો !!! આપની માયાના આવરણને ખેંચીલ્યો. મ્હારા મનની ધારેલી ઇચ્છા આપ માલીકના પ્રતાપે પુર્ણ થાઓ.

૧૪. જે અંતરયામી ભગવાન ન્હાના બાલરૂપે જગતના લય સમયે વડના પત્રપર શયન કરેછે. તેજ અંતરયામી

ભગવાનના નામનું સ્મરણ કરવાથી સર્વે સંતાપ દૂર થઇ જાય છે જેનું નામ ત્રણે તાપને શાંત પમાડનારૂં છે. જે હરીની પ્યારીનું નામ ઈશ્વરી શ્રી મહાલક્ષ્મી છે. જે લક્ષ્મી વિનાનો પુરૂષ હોયછે. તેને સુતા બેસતા ખાતાં કે પીતાં આ શંસારના વૈભવોમાં ન્હાના પોતાના બાળકોમાં કશામાં પણ જેહનું મન લાગતું નથી જે લક્ષ્મી વિના રાગ રંગ નાટક ચેટક કે સીનોમોટોગ્રાફ કે ભાંડ ભવાયા કે ફોનોગ્રાફ કે કલયુગમાં ઉત્પન થયેલી ઉરવંશીઓના ગાનતાન કાંઈ સારૂં લાગતું નથી જે સારમાં સાર સુખનું મુળ જેહનાથી ચાર સંપ્રદાય ચાલેછે જે લક્ષ્મીવિના જગતમાં એક પણ કાર્ય થઇ શકતું નથી સંસાર ના સર્વ સુખનું મુળ શ્રીમંત સર્વ સકિત જે પ્રકૃત્તિ રૂપે સર્વેમાં રહેલીછે જેહનું નામ મહા માયા પણ કહેછે. તે માહ કૃપાળુ અને હેતાળુ દેવીના અંતર આત્મારામ મહાકાળ શ્રી સત્યનારાયણ પ્રભુ શ્રી કૃષ્ણ પરમાત્મા કે જે પરમાત્માની સકિતએ કરીને આ મહાદેવીમાં સકિત આવેલી છે. એવી અપાર માયાના પતિને દાસ અપાર નમસ્કાર કરી સરણે આવ્યો છું. હે ! મહા વિષ્ણું પરમાત્મા મ્હારૂં સંકટ હરો. સર્વ અપરાધ ક્ષમા કરો ! ક્ષમા કરો ! ! ક્ષમા કરો ! ! !

૧૫. જે અંતરયામી ભગવાનની પાસે મહા દારિદ્રી દુઃખીઅને બચરવાળવાળા ભલા અને સજ્જન ભકતરાજ શ્રી

ધાર્યા હતા જે હરીએ સુદામાને પોતાની અષ્ટ
સહીત જેમને હરેક જાતના આનંદ અને વૈભવ
હતો અંતે સુદામાનું દારિદ્ર હરી વૃદ્ધના યુવાન
ધા અને ભકતરાજની સ્ત્રીને નવયૌવન પરમ સુંદરી
ધી જે ભકતરાજને રહેવાને માટે એક ન્હાની
તી તેજ સ્થળે સુસોભિત કંચનના મ્હેલો બનાવ્યા
. અપાર વૈભવથી ભરપુર કરી દીધા હતા અને
તના રાગ રંગના ભોગ વિલાસના સ્વરૂપ સાધનો
ધા પોતાના જેવી અવિચળ સીદ્ધી આપી તે
કના સાગર ભક્તોના હૃદયના ઉજાગર કે જેહનું
ાગર છે. તે પુજ્ય પરમાત્માને હું અપાર નમસ્કાર
હે ! દીનબંધુ ! હે ! દીનબંધુ !! હે ! દીનબંધુ !!!
કરો છો આપ અંતરયામીને શું અજાણ્યું છે.
ંતાએ આપને સરણે પડયો છું.

કરો ! ક્ષમા કરો ! ! ક્ષમા કરો !!! સંકટથી

•

હે ! સુંદર નેત્રવાલા હરી. હે ! રસીક વદન હરી.
દુ હાસ્ય કરનાર હરી ! હે ! લાલિત્ય લાવણ્યતા
માત્મા. હે ! હાથમાં મોરલીને ધારણ કરવાળા
હે ! મહા મનોહર મુગટને ધારણ કરવાવાલા
! મણી અને મુકતાના હારને ધારણ કરવાવાલા

હરી હે ! મકરાકૃત કુંડલને પહેરનારા હરી હે ! ચપળ નેત્રને ચમકાવનારા હરી હે! હસ્તમાં સુવર્ણના સાંકળાને કડાને ધારણ કરનાર વિભુ ! હે ! બાજુબંધ બેરખાને પહેરનારા પ્રાણ આધાર હે!સુંદર પીતામ્બરને ધારણ કરનાર હરી. હે ! ચરણ કમળમાં નેપુરને ધારણ કરનારા નારાયણ. હે! નાસીકામાં બેસરને ધારણ કરનાર નટવર. હે! મહામોહિની રૂપ પરમાત્મા ! વ્હાલા મ્હારા વ્હાલા અંતરયામી હરી ! વ્હાલા મ્હારા વ્હાલા ભીડભંજન ભગવાન. હું અબુજ મુર્ખ પાપી કામી હરામી દુષ્ટ તમારા સર્વે ભકતો કરતા છેલ્લા નંબરનો ગુલામ છું. આપ સિવાય મ્હારાપર કોણ કૃપા કરસે ? આપનો મહાન મહિમા લખવાને કે ગાવાને કે વર્ણવાને બ્રંહ્મા દિ શીવ સનકાદિક મહા મુનીશ્વરો તથા મહા જોગીઓના યોગી સાક્ષાત સુકદેવજી અને મહાદેવી શ્રીં સરસ્વતી પણ સકિતવાન નથી તો હે! ભગવાન્ હું પામર પશું શું ? આપની પ્રાર્થના કરી શકું. જ્યાં સુધી આપના અંતરની કૃપા થાય નહિ ત્યાં હે ! પરમાત્મા હે ! સમર્થ ધણી આ સંકટમાં શી રીતે મુકત થઈશ ક્ષમા કરો ! ક્ષમા કરો ! ! ક્ષમા કરો ! !! પ્રભુ આપને સરણે છું સંકટ હરો હરી.

૧૭. અરેરે હે ! ભગવાન આપવિના મને કોણ સંકટથી છોડાવે. અરેરે અનાથના નાથ પ્રભુ તમારા સિવાય સાચાનો બેલી કોણ થસે અરેરે પ્રભુ આપ વિના મારી બાંહી કોણ

પકડસે. અરેરે ભગવાન! આ મારૂં દુઃખ કેમ જશે. અરેરે ભગવાન! આપ વિના અધમનું બેલી કોણ થશે અરેરે પરમાત્મા! આપ વિના મ્હારૂં મન પ્રસન કેમ થશે અરેરે! પરમાત્મા! આપ વિના મ્હારી આબરૂ કેમ રહેશે. અરેરે અંતરયામી! આપ વિના અવસર સમયે કોણ આવીને ઉભું રહેશે અરેરે હે! ભગવાન આપ વિના મ્હારા સત્રુનો નાસ કોણ કરશે. અરેરે અંતરયામી પ્રભુ! હે! કૃપાળુ પ્રભુ! હે! ભકતેશ્વર ભગવાન! હે! મોહનેશ્વર ભગવાન્ આપ વિના મને કોઇનો આધાર કે આશ્રય નથી. પ્રભુ!! હું ખરા દીલથી આપને સરણે આવ્યો છું. આપનો થયો છું. આપ મ્હારા છો. તો હે! ગરીબ નવાજ સરણમાં આવેલા દીનદાસનું સંકટ હરો.

૧૮. જે ભગવાને મથુરાજીમાં દેવકીને ત્યાં જન્મ લઈ જસોદા માતાના ત્યાં ગોકુલમાં ઉછર્યા હતા. દુષ્ટ કંસને ખબર પડવાથી તેમને મારવાને માટે કરીને અગાસુર બગાસુર સકટાસુર આદિ ઘણાજ રાક્ષસોને મોકલ્યા હતા પણ જે પરમાત્મા કાળના પણ કાળ ચૌદ કોટી બ્રહ્માંડનાનાથ કે સર્વના આત્મા જે સાક્ષાત પરમબ્રહ્મનારાયણ પરમાત્મા કે જે પરમાત્મા ધર્મનું સ્થાપન કરવાને અને દુષ્ટોનો નાસ કરવાને અને ભકતોના લાડ લડાવવાને કે જેના કટાક્ષે કરીને ચૌદ કોટી બ્રહ્માંડને ભસ્મ કરી નાંખવાની સકતીવાલા જે અજીત છે. તેજ પુરણ પુરૂષોત્તમ પરમાત્માએ માસા

પુતનાને ચુંશી લીધી હુતી તે મહા સમર્થ પરમાત્માને ઘણીજ ગરીબાઇથી લાખો વખત નમસ્કાર કરી જે ભકતની પીડાને હણનાર છે તેને સરણે પડયો છુ. ક્ષમા કરો! ક્ષમા કરો!! ક્ષમા કરો!!! સંકટ હુરો હરી.

૧૯. જે અંતરયામી પ્રભુને ઇંદ્રરાજાએ સખીઓની સાથે રાસ વિલાસ કરતા જોયા તેથી તેના મનમાં સંસઃય ઉત્પન થયો કે શું? ઇશ્વર તે વળી સ્રીયોની સાથે રમતા હુસે. માટે એ ઇશ્વર નથી. ઇંદ્રરાજાની સાથે સપ્ત રૂષી હતા તેઓને ઇંદ્રરાજાએ પુછયું કે આશું? ઇશ્વર છે. ત્યારે રૂષીયોએ કહ્યું કે હા એ સાક્ષાત પુરણ પુરૂષોત્તમ ભગવાન છે પ્રભુની માયા પ્રભુજ જાણે હે દેવેશ તું સંસય નાકર. પણ ધનના લીધે મદમાં આવી ગયેલો ઇંદ્ર પોતાના વૈભવમાં પોતાની ઐશ્વર્યતામાં પ્રભુની પ્રભુતાને ભુલી ગયો. પછી પ્રભુની પરિક્ષા લેવા માટે ઇંદ્રે બારે મેઘને હુકમ કીધો જાવ એકદમ મુશળધાર વરશો હુકમ મળતાને વારજ મેઘરાજે એકદમ વૃષ્ટી કીધીકે ગોકુલ જેવી ગામડી તો શું? પણ મ્હોટા શહેરોના શહેરો તણાયા જાય એટલી વૃષ્ટી કીધી. પણ જેહને સમર્થ ધાર્યુ રાખનાર છે. તો તેને કોણ મારી સકે પ્રભુતો અંતરયામી છે. જે એકે સમયે સર્વના અંતરની વાતને જાણવાને સમર્થ છે અને જાણી રહેલા છે. મનુષ્ય કે દેવતાઓ શું કરવાના છે પરંતું તેહના પ્રેરકજ પ્રભુ છે તો પછી પ્રભુની ઇચ્છાની ઉપર કોણ કરી સકે

માટે સર્વ પ્રભુની ઇચ્છાને આધીન છે તે સમર્થ પરમાત્માએ તે સમયે ગોવરધન પર્વતને ટચલી આંગલીના ઉપર ધારણ કરી લીધો અને ઉપર પ્રલયાગ્નિ પ્રગટ કીધો કે જેનાથી પાણી નીચે પડી સકયુંજ નહિં આ મોહા ચમત્કાર જોઈ ઇંદ્રરાજા લજ્જિત થયો અને પ્રભુના સાક્ષાત ચરણમાં પડયો: અને સ્તુતિ કરવા લાગ્યો કે હે ભગવાન ક્ષમા કરો. ભગવાન આપની માયામાં બ્રંહ્માદિક મોહી રહેલા છે. તો હે પ્રભુ હું પામર છું ધનના ઐશ્વર્યના બળના લીધે આપની પ્રભુતાને ભુલી ગયો હતો. હવે હે ભગવાન આપથી એટલો ઉત્તમત્તર માગું છું કે સર્વે ભોગ વિલાશ કરૂં છતાં મારૂં મન આપના ચરણ કમળમાં રહે. મારામાં અભિપાન આવે નહિં. સદા સર્વથી નમ્રતાઇ રાખું કોઈ મારૂં અપમાન કરે તો હું ક્ષમા કરૂં સદા તમારા ભક્તોનો સંગ કરૂં સદા તમારા કીર્તનમાં મસ્ત રહું સદા તમારા નામનો અંત્તરમાં જપ કર્યાજ કરૂં તમેજ મને વ્હાલા લાગો જેમ જળમાં કમળ રહેછે તેજ પ્રમાણે સુખેથી સંસાર ભોગવું આ સ્તુતી સાંભળી જે મહા અપરાધ ગુન્હાને ક્ષમા કરવાવાળા છે જેનું નામ ભકત વત્સલછે જેના સરણમાં મહા પાપી સજના કશાઈ જેવા ગયા હતા તેને પણ જેણે તાર્યા હતા એવા મહા કૃપાળુ માયાળુ અને હેતાળુ ભગવાન શ્રી મુખથી કહેવા લાગ્યા કે હે ઇદ્ર તું નિર્ભય રહે. જે ખરા મનથી મારા સરણમાં આવે છે. તે મહા અપરાધી હોય

તો પણ સર્વે અપરાધો ક્ષમા કરી તેનું સર્વે સંકટ હરી. તેની મનોવાંચ્છના સિધ્ધ કરૂં છું. પછીથી તેમને ભુલી જાય છે પણ હું તેહને ભુલતો નથીં આઠો પહર ઘડી ઘડી. પલ પલ મ્હારા ભકતાની હું રક્ષા કરૂં છું. પછી ઈંદ્ર નમસ્કાર કરીને ચાલ્યા ગયા. એવા મહા અપરાધ ગુન્હાને ક્ષમા કરવાલા પુરણપુરૂષોત્તમ વિભુ ! મ્હારા અપરાધને ક્ષમાકરો ક્ષમાકરો ! ! ક્ષમાકરો ! ! ! સંકટ હરો હરી.

૨૦, હે ! પરમાત્મા આપજીવન આધારમારૂં સર્વ કલ્યાણનું મુળ છો આપથી માંરૂ સર્વ સંકટ દુર થયું અને થશે. આપ સર્વ જાણો છો. આપજ મ્હને સવ આનંદ આપનારા આપજ મારૂં દુઃખ દારિદ્ર કાપનાર આપ વિના આ સંસારમાં કોઇનો આધાર કે આશ્રય નથી તે આપ અંતરયામી જાણો છો. હે નાથ ! દીનદાશ આપની સ્તુતિ કુરૂંછું કે આપની માયાનું આવરણ આપ ખેંચી લ્યો, સદા મારૂં મન અને તન નિર્મળ થઇ રહો, હે ! ભગવાન હે ! વિશ્વનાથ હે !મહાવિષ્ણુ પરમાત્મા સદા મને આપનું ધ્યાન રહો. આપની ભાકત સિવાય અન્ય ધંધો મને સુજે નહિં. આપના ભજન કીર્તનમાંજ મ્હારૂં મન નિમગ્ન રહો. સદા તમારા ગુણ રૂપ અમૃતનું પાન કરૂં. સદા તમારા મનહર મુખાર્વિંદનું ધ્યાન કરૂં. હે ! પરમાત્મા હે ! નાથ હે ! માયાળુ મોહન તમેજ મારા માતા છો. તમેજ મારા પિતા છો તમેજ મારૂ સર્વસ છો અને તમેજ મારા ગુરૂ છો. મને સદા તમારા દર્શનની ઇચ્છા રહે.

કોઇ પણ દુષ્ટ કર્મ કરવાની સ્વપનામાં પણ ઇચ્છા થાય નહિ તેમ હું કોઇના મનને દુભવું નહિ તેમ કોઇ મારા મનને દુભવે નહિ મારા રોમ રોમમાં રામરામની ધુન થઇ જાવ. સર્વે આપજ દષ્ટી ગોચરથાવ સદા મારી એક બ્રહ્મ વૃતિ થઇ જાવ. હે ! નારાયણ આજે હું આપના સ્વરૂપમાં સમાઇ જાઉં છું.



ગરબી.

વ્હાલારે તારી ભકતી બહુ ભાવે,
છબીલા મોહન નજરમાં તું આવે.

સાખી.

રસીક છબી જોયા વિના નાથ પડે નહિ ચેન.
વ્હાલા પ્રેમ ગલી વસમી ઘણી સમજો સર્વસહેન,
પ્રેમના પ્યાસા કરૂણા નીધી કહાવે વ્હાલા.
પ્રિતમ હાય ઘેલી મને કીધી. સુધરે બુધ મારી હરી લીધી,
હાય મને દીવાની કીધી, ગાંડીરે કહીને લોક લાજ લુટાવે. વ્હાલા.

સાખી.

નાથ અરજ એક માહારી કરૂણા કરી ધરજો ધ્યાન
માન મદમમતા અવિચારને તજાવ સુંદર શ્યામ,
સારારે જગમાં કસું એના સોહાવે. વ્હાલા.
પ્રિતમ હું તો અધમ મુરખ નારી,
આવી છું સરણે પતિત પાવન ધારી.
બોલોને વ્હેલા બોલોને ગિરધારી,
જુદાઇથી મન મારૂં મુંજાવે. વ્હાલા.

સાખી.

સુણ સખી ગોકુળલડી કદી ન કરીયે પ્રિત.
પ્રિતમાં દવ સળગે ઘણો કોઇ ન પામે જીત.
મીરાના સાથે રમતા હતા દાવે, વ્હાલે.

સંસારીથી પ્રિત કરતાં ડરીયે, પ્રિતી તો શ્રી કૃષ્ણુ થકી કરીયે.
જીવન મુકત થઇ જગમાં ફરીયે,
અંતરમાં હરીહરી ધુન લાવે. વ્હાલા.

સાખી.

અમર ચુડી પહેરો સખી, જે કદી નવ ઉતરનાર.
રામ રામ સહુમાં જુવો, જે છે સારમાંસાર.
દોલત દુનિયા ભગવાન કામના વે. વ્હાલા.

ગરબી.

આવોને મારારશીક જીવન સ્વામી,
દાશીરે રહુંછું ચરણુમાં શીશનામી. આવો.

શાખી.

આવો આવો અલબેલડા નવતમ નંદકુમાર
જીવન જીવગભરાઇ રહ્યા છે દર્સનનો પ્યાર
હવે હરી આવીછું તુજ સાહામી. આવો.

શાખી.

જોબનમારૂં જોરજ કરે ઉઠેતનમાં જવાળ
કોઇનું બોલવું ગમતું નથી સૌલાગે જંજાળ
દીવાની કહીને નાખે સગા ડામી. આવો
વ્હાલાજી મારા ચિત્તમાં આપ ચડીયા.
પુન્યરેમારા સર્વે ઉદય કરીયા
રસિલા પ્રિતમ પુરૂષોત્તમ પામી. આવો.

શાખી.

તરછોડી મુજને ગયા કયમ મન આવી ધીર
ખબર હજુ લેતાં નથી, વધી અંતરમાં પીડ.
સતીરે હું છું જગ દેખત કામી. આવો.
કહો તેમ સેવા કરૂં પ્યારૂં, દર્શન એક માંગુછું તમારૂં.
આપ વિના કોઈનથી સારૂં, વિચારો વિચારો જરા વારૂ.
હવે તો હરી આવી છું તુજ સામી. આવો.

સાખી.

મસ્ત બની છું પ્રેમમાં, જુવો અંતર ભરથાર.
સર્વે કરતાં આપ છો, પુરણ બ્રહ્મ એક સાર.
ભગવાનદાસ સમરૂં છું બહુ નામી. આવો.

લાવણી.

કરી મનમોહનને ઘેલી, બાત સુન સખી તું અલબેલી.
જમનાપે બએઠ ગીરધારી, કૃષ્ણને મોરલી લલકારી,
રદયમે ઘા લાગત કારી, દીવાની હો ગઇ સુન પ્યારી.

સાખી.

પ્રેમ પ્રેમમે મોહ રહીરે, રેન પડે નહિ ચેન.
સાસ નણંદ મોરી જાગ રહીરે, હાય કટે કયું રૈન,
બેન બાજે સુ સ્વરસે લી. બાત.
મધુર સ્વર મોરલીકો આવે, મનમોહન સબોકું મોહાવે.
સુયસ શંકર વિરંચીગાવે; કીષ્ણુકા ભેદનકો પાવે.

સુન સખીમે ભઇ દીવાની, પ્રેમકો પ્રગટયો ત્રાશ.
નાથમીલનેકો અતિ અકલાવું, લેચલ મોહનકે પાસ.
જનમ ભર બનકે રહું ચેલી. બાત.
સખી અબ જાનમેરી મરજી કૃષ્ણકુ દે દે મોરી અરજી.
છબી કોટી ચંદરકી સરજી પ્રેમસે પાસ ભયે હરજી.
ધન ધન બાલારૂપ બેહારી ભકત નકે પ્રતિપાલ.
લાલ લલિત પ્રિતમ મેરે મોહન સરણાંગસંભાલ.
દીવાનીકુ રખલી જે ભેલી. બાત.
નાથ તુમ એક હો પરવાસી પુરણ બ્રહ્મ સબ ઘટકે બાસી.
હમારે આતમ અવિનાસી, તુંહીકા તુંહીહે પરકાસી.
સખી મેરે સુધ પ્યારસેરે, પ્રગટ ભયે ગોપાલ.
ભગવાન દીનકુ સરણે રાખો, જય જય કૃષ્ણ કૃપાળ.
ચરણમે સીસ રહું મેલી. બાત.

કવાલી.

મને પ્રિત લગાડીને નાસી ગયા, મનમોહન રસીયા ન આવી દયા.
જરા લાવો દયા જરા લાવો દયા. મને.
હરી તમને એકને હું માની રહી, મારૂં જીવન શભંાસ જાની રહી.
હવે જાવું કહીં હવે જાવું કહીં, અંતરયામી લાવો દયા. મને.
મારા પ્રેમના પુરમાં પુર ચઢે, ભાન ભુલી છું સવંસ મારૂં અરે.
રોઈ રોઈ મરૂં છું કુટી હયા. મને.
તન મન ધન અરપીને ચરણે પડી, વ્હાલા હવે નાવિસારો એક ઘડી.
ભગવાન દીવાનીના રસિક પીયા. મને.

ગઝલ–ભૈરવી.

જબાંકો ખોલકર કહેદો મેરા મન કયું મનાવું.
તુંહી અએક તુંહી ગાતીહું પીયા દીદાર ચાહું,
ખુસીસે કાટલો ગરદન અગરચે દીલ મનાહોવે.
તુંહી હુએ ચશ્મકાતારા તુઝે કએસે મંએ પાવું, જબાંકો.
દીવાની હો રહી મોહન, બીના દીદાર કે દેખે.
રહેમ તેરી ન કુચ ચ્હાવું આંખસે આંખે લગાવું—ઝબાંકે
ખ્વાબમેં તુંહીં આતા હુએ આબમેં તુંહીં આતા હે.
દીવાના મસ્ત હુએ. ભગવાન દીલ તોસું લગાવું—ઝબાંકો

કવાલી.

કહાં લગાદું દીલ મેરા સભી મંએ તું દીખાતા હયે
અંતર બાહેર મન મોહન નજર અએક તુંહીં આત હયે
તુંહીં હયે નુર આલમકા તુંહીં આધાર હયે દમકા
ઉડાદે ખાક મેરે ગમકા દીલ મસ્તી મંએ આતા હયે
દીલકી જાન પીયા પ્યારે હમેં હારે હમે હારે
છોડદે સંતાના અયે મોહન હરી હરી નામ ગાતે હય
મીલ ગયા ગોવિંદ તું ગણરૂ તો ફીર કયા દુસરા બાકી
દીવાના આશક તેરા ભગવાન ચશ્મ ચડેરેકુ ચ્હાતા હયે

કવાલો.

પીયાતો બીન મોહે ભાવે નહિં
પીયાતો બીના નીંદર આવે નહિં

પીયાતો બીન મોહે સોહાવે નહિં
પીયાતો બીન અઔરકા કહાવે નહિં
તોરે પ્યાર મંએ પ્યારિ દીવાની બની
અબ જલદી બચાલો મોકો ધની
તોકુ છોડ કીસીપે જાવે નહિ
પીયાતો બીના નીંદર આવે નહિં
તું અનમોલ હીરાકુ ચાહત હે.
ફતરો કુનહાત લગાવત હયે.
પીયાતો બીના ઐારકુ ગાવે નહિં
પીયાતો બીન નીંદર આવે નહિં.
તોરે ઇશ્કમેં મંએતો મસ્તાની બની
સચ પ્રેમ લગી ભગવાન ધની
અબ દાસ કીસીકા કહાવે નહિં.
પીયાતો બીન નીંદર આવે નહિં.

લાવણી.

વિનંતી સાંભળો દીનાનાથ સર્વની દોરી તમારે હાથ
આભથી જઇને ભીડું છું બાથ બચાવી લેજો વિશ્વંભરનાથ
કોટી રૂષી મુની ધ્યાન કરે છે કોઇ ન પામ્યું પાર
તે પરમેશ્વર પામર હું શરણુ છું. છો પરબ્રંહ્મ સુખસાર
તારો હરી હરી કરૂં છું પાઠ. —સર્વની
અજામેલ નામ થકી તાર્યો ધાયા ગજરાજ જ્યારે હાર્યા
દુષ્ટ કંશાદિ રાવણુ માર્યો મહા પાપી મધુ કૈટભ હાર્યો

વરાહ રૂપને ધારી કરીને લાવ્યા પૃથ્વીધીર
પ્રહલાદ ભક્તનું પાલન કીધું થયા નૃસિંહ મહાબીર
ધીરને ચાંપ્યો રૂદીયા સાથ સર્વની.
ભક્ત વત્સલ ભક્તેશ્વર નામ,પતિત પાવન છોએ મોટી-હામ
સરણાંગત્ પાલક અમૃત જામ, દીનબંધુ વ્હાલા છો
આત્મારામ. જપતપ સાધન હું નહિં સમજું દુષ્ટ પતિત
છું અનાથ તો પણ હે દીનબંધુ સ્વામી તુરત પકડોને હાથ
દુઃખ દરિદ્ર હરીને સાથ સર્વની.
દીન બંધુ હૃદય પ્રેમ યાચુ, જાણોછો પ્રભુ અંતર મુજ કાચું.
સંસારમાં ન ચાલ્યો હું નાચું, સદા શ્રી ચરણ કમળ યાચું.
ક્ષમા કરો અપરાધો મ્હારા પલના વિસારો એક.
આપ વિના આધાર નથી મારો ભગવાનના આત્મા એક.
ટેક તમે રાખજો રાખી શાથ સર્વની દોરી તમારે હાથ.

લાવણી.

અરે મન અવર વિચારે નધા આત્મારામથી રાજી થા.
આત્મા એક બ્રહ્મને ચાહા, સદા તું તત્વરૂપ બની જા,
આ માયાના પ્રપંચથીરે ઉપાડા ત્હારૂં ધ્યાન.
તું કોણુ છે કયાંથી તું આવ્યો સીદ થાય હેરાન.
માન મન ભટકી રહ્યું છે કાં, આત્મારામથી રાજી થા,
વિચારો આવે એજ માયા પ્રેમથી ખોજી તું જો કાયા.
બ્રહ્મ એક બ્રમની જો છાયા, બ્રહ્મને નિરખે જન ડાહ્યા,
રાતને દિવસ ઓ મન મુરખ અવર વિચાર ન ચાહ.

આત્મા એજ પરમાત્મા છે, આપમાં આપસમાહ,
ચેત મન ભિન્ન ભાવ કર દાહ, આત્મારામથી રાજી થા.
સર્વમાં એક દષ્ટીથી જો. પરદારા પરધનમાંના મોહ,
તજીદે અંતરથી પરનો દ્રોહ તજીદે સર્વ વસ્તુથી મોહ.
જીતવાનો આ અલ્પ કાળ છે નહિતર પામશે હાર.
ખુબ પ્રેમે અભ્યાસ વધારો, અભ્યાશ સારમાં સાર,
હરી શ્રી ગોવિંદ પદને ધા, આત્મારામથી રાજી થા.
અલિપ્ત રહી સંસારમાં કર કામ જેનાથી રાજી રહે ઘનશ્યામ.
સત્યથી મેલાવ જગમાં દામ, અનાથોને આપ જગતમાં હામ.
સંસારમાં રહીને સહુથી મળીને પ્રસન્ન રહે મન ધીર,
પુર્વ સંચિતે જે મલી આવે હોય નીર કે ક્ષીર
મુલ ભગવાન નામને ગા. આત્મા રાયથી રાજી થા.

ભજન

મુરખ મન કોના ભરોસે બેઠો મુરખ મન કોના ભરોસે બેઠો
મુરખ મન કોના ભરોસે બેઠો રે........જી
મોહ જાલના ઘરમાં પેઠો મુરખ મન કોના ભરોસે બેઠો રેજી
મોહના ઘરમાં અભીમાન વસેલો દુષ્ટ એ ઠામાં બેઠાં
આસા તૃષ્ણા સુંદરી જેની તુરત નાંખશે હેઠો મુરખ
કરતાની કુદરતને ભુલી ગયો તું હું હું પાપી કહેતો
મદની મદારામાં છકયો તું મનના બળતા ઘરમાં પેઠો મુરખ
કરવું અકરવું ભુલી ગયો મન ખોટા મારગને લેતો
ચેત ચેત ભગવાન દીવાના ફોકટ જાસે વેઠો મુરખ

ભજન.

એ મન મુરખ ચેત ચેત અભીમાની જગતને જાણી જા તું ફાની
હરદમ ભજ અભય વરદાની તજી દે લંપટ મનના તોફાની
તારા અંતરમાં ત્હારો રસીક ગોપીનો પ્યારો અનુભવથી
આતમા લે જાણી જગત
કાલ તારે શીર ભારી ચેત ચેત અવિચારી
પાપી જીવડા જરૂર થાશે હાની જગત
મારૂં મારૂં જેને માને તેજ આવશે તારી કાહને
દીવાના ભગવાન ગોવિંદ ગાની જગત

કવાલી.

જયાં લગી દેહમાં છે જાન મુરખ મન માન મુરખ મન માન
ધરી લે ધ્યાન ધરી લે ધ્યાન મુરખ મન માન મુરખ મન માન
ભકતોની વ્હાર કરનારો એક અંશેથી ધરનારો
ભુલેકાં ભાન ભુલેકાં ભાન અંતરમાં જાન અંતરમાં જાન મુ.
બળતામાંથી બચાવી લે રહ્યું જે હોય કાંઈ બાકી
સત્ય આવાણુ સત્ય આવાણુ મુ.
સદા ત્રિપ્રયના ધ્યાને છે સદા રહેવાનું જાણે છે.
મુરખ ભગવાન તુરત બોલ કાન મુ.

ભજન.

ફોકટ ફાંફાં રહ્યા મારી ધીક ધીક ધીક બુધ્ધી તારી
હજીના ચેત્યો કુ બિચારી ધીક.

મ્હોટી આસા બાંધી બેઠો લોભની ગલીમાં પેઠો
નીકળવાનો એકકે નથી બારી. ધીક
મોહનો બગીચો મ્હોટો તેને તારો વાળ્યો ગોટો
જાગ જાગ કાળનો ભય ભારી ધીક.
જાગ જાગ મુરખ મનવા તજી દે પરાઇ કનવા
ભગવાન ગોવિંદ લે ઉચ્ચારી. ધીક.

ભજન

હમે તો ભકિતના છઇએ ભોગી, નથીરે સંસારી નથી જોગી,
દોલતને દુનીયા મારી, રામનુ નામ સંતો, રામનાવી રહે હમે
રોગી નથી
નીરંતર ધ્યાન કરીએ, હરી મંદીરમા, ફરીએ ઠરીએ
હરી જનની સંગત સૌથી મોંગી. નથી
આરે જગત સર્વે, મસ્કરી કરનારી. સંતો
કુજેતી સંસારીયામાં સોંગી નથી
જગતથી, મન દેમોડી, વાલીડાથી, મન દે જોડી.
ભગવાન થયો છુ નીરોગી નથી

ભજન.

સાધન સમજ્યો છુ તારા નામનુરે અવર નથીરે બીજુ કામનુ
સેવા સમરણનો મે તો ધંધો લીધો છે સારો
રટન લાગ્યું છે આઠો જામનુંરે સાધ
દોલતને વાડી ગાડી, મહેલે ને, અલખત ભારી.
સરવે બનાવ્યુ રોકડ દામનુરે સા

શરમને આબરૂ ત્રણના સમાન માની જગત કરે નિંદા મારી
હુંડીને પત્રી જાણી ચુંસવાંનુ મુકી દીધુ ચામનુ સા
ખરા પ્રેમે ભજન ગાવુ તદાકાર તુજ ધ્યાને થાવુ
ભગવાન બાનુ છે સુંદર સ્યામનુ સાધ

ભજન.

હજુ એતું માન મુરખ મારૂરે. આ પાપી મનવા હ
આ તન ધન જોબન વાહલા. પાણીનો પરપોટા જાણી.
જાણી જા હરીનુ શમરણ શારૂ હ
સ્વપનાનો ખેલ જાણી ચેત ચેત દીવાના પ્રાણી.
મોઢું પહોળુ થસે તારૂરે, હ.
પેરે પેરે સમજાવી દીધો, પણ ભગતીનો મારગ ના લીધો.
દુરષ્ટ જીવ કેમ થાસે તારૂ હ.
અંતરમાં એક ભજની સત્યનો શણગાર શજની
ભગવાન કલ્યાણ થાસે તારૂ

ભજન.

અનુભવ આંનંદ મારેની પારકીની દયાને તજી દેની
શુખ દુખ આવે તે મન વાશેની હરી હરી હરી મુખ કેની
અનુંભવીની એજ રીતી આતમા રામ શું બાધ પ્રીતી
જગતના મારને તુ શેની પારકી
જગતનો જધડો ભારી બ્રહ્માદી ગયા છે હારી
અકળીત કળા છે જેની પાર

સરવેથી. પ્રીત કરની. રૂડી તારી. રીત કરની
ભગવાન નીરભય મારેની પાર

ભજન.

મન મારા ભજન વિના શું થાશે કાળે મોઢે માલીક આગળ જાશે.
ખોટો દોળ કરવો છોડી ભગવતથી મન દે જોડી
ભગતનો વાહલો વારે ધાશે. કા
ગર્ભ વાશે વચન દીધું. પાપી. ઉલટું ચલન લીધુ
ચેત ચેત પાછલ તુ પશ્તાશે કા
તારા મનથી તુ ડાહ્યો માને છે. અંતરયામી સા જાણે છે
અભીમાન કરીને ફશાયો માયા ફાંશે કા
ભકતોને. શંગ કરની હરી ચરચામા મનને ધરની
ભગવાન દીવાના આનંદ થાશે. કા

ભજન.

મુરખ મનવા હજુ તને શાચો બોધ ના લાગ્યો
હજુરે ભજનમા નહી જાગ્યો
કોના આ બંગલાને કોની મોટરને ગાડી કોનુ કુટુંબને
કોના પુત્રો ને પ્યારી
ઘડપણનો ઝપાટો તને લાગ્યો હજુ
જુઠુ છે જુઠું શંતો જુઠી માયાની આંટી ધ્યાન કરી જો જો
માટીમા મળશે માટી
આશા ત્રશ્નાનો લોભ જાગ્યો હજુ

સાચા જુઠાને પાપી પારખી શકયૌના! તુ તો કુતરાની માફક
પાછળ લાગ્યા.
ચેત ચેત ભગવાન દીવાના દુરગુણકેમના ત્યાગ્યો ગ્યો   હ

(રાગ. મીરાબાઈ પુરવે જનમની પ્રીત)

ભજન

મનવા મમતાને તારી મેલ ઓ મુરખ મનવા
જુઠો જુઠો જુઠો સારો ખેલ ઓ મુરખ મનવા.
હરીને વીસારીના મેલ. ભગતીનો મારગ સાહી લહોરેજી

સાખી.

હરી સ્મરણ ભુલી ગયો ફસાયો ધન સુત નાર
એકદીન એવો આવસે ચીતામા થાસે છાર
માટે મુકી દે મનદા તુ મેલ   ઓ મુ

સાખી.

મારૂ મારૂ નીત કરે. તારૂ નથી તલ ભાર.
સગાને વાહલા પંખીનો મેળો વીખરાતા સુ વાર.
માટે જાગ જાગ મનવા તુ પેલ   ઓ મુ

સાખી.

જુવાની ગઇ અને ઘડપણ આવ્યુ. સમજ સમજ મન મુઢ
વીસયનુ હાડકુ છોડી દે પાપી સમજ આ વાત તુ ઘુડ
તુતો નીત્ય ચહે છે રંગરેલ   ઓ મુ

સાખી.

ચતુર મનવા ચેતજે. શીર ઝંખી રહ્યા છે કાળ
પલમા સહુ લુટાઇ જસે હરી હરી સંભાળ
દીવાના ભગવાન બ્રહ્મની જો સૈલ   એ મુ

કવાલી.

નીસ દીન પાપી તુ પાપ કરે અંતરયામીથી કેમના ડરે
પાપ કરમથી રાવણ દુખી ગયો પાપ કરમે દુરીયોધન દુઃખી થયો
પરધન પરનારમા ફસાઈ પડે તેનુ એક કારજ નાહી સરે ની
ચપલ જુવાની ચપટીમા ચાલી જસે
પગ ઢીલા થઇ મગજ ખાલીથસે તારી બોલી ચબોલી ચાલી જસે
માટે ભજ ગોપાલ કલ્યાણ કરે   ની
જગત જાણે કે મોટો વેપારી થયો પણ ઉલટો આફતમા ફસાઇ ગયો
પ્રભુની ભકિતનો મારગ ભુલી ગયો પાપી સાચા રસ્તા પર
કેમના ચડે   ની
હરી હરી ભજવાથી પાપ જશે નામ રટણથી અંતર શુધ્ધ થશે
બીજુ સરવે કરેલુ રખડી જશે ભજ ભગવાન દીવના ભય હરે   ની

રાગ. કલ્યાણ.

એ સો ચીત કરમેરો બનો રહે ધ્યાન તેરો. તુહીમેરો તુહીમેરો
અવરન ઉરધારૂ તનમન તોપેવારૂ તુહી પ્રભુ પ્રાણપ્યારૂ
અંતરમે બસેરો   એ
આપમેરો અન ધન આપહરી સબબનં ધન ધન જીવન
પલકન કરનેરો

દીવાનેકી બીનતી માનો જગજીવન પ્રભુ અ.તરજાનો
ભગવાનદાસકો દાસતુમેરો એ

રાગ બીહાગ.

રાખો અયસે રહુંગા હરી મોહે રાખો એસે રહુંગા.
સબ કર તબ હાથ આપકે સબ તુહી સબ તુહી કહુંગા—હરી
બેદ તુહી પુરાન તુહી હે બાઇબલ તુહી કુરાન તુહી હે
પર બ્રહ્મ રૂપ ચહુંગા—હરી
જય જય જય ગૌપાલ બીહારી જય જય જય ગૌવરધન ધારી.
તેરે નામકી ધુનજ મૌંગા—હરી
તુહી દ્દેતઃ ભગતોકુ પ્યારા અનાથ નાથ તુહી જીવન તારા
ભગવાન સરન નામગાંગા હરી

ભજન.

મનહુતુ હે મારૂ વાળીરે ગોવરધન ધારી મનહુતુ હેમારૂ વાળી
આરે સંસારમને વીશના શમાન લાગો. ભાંગો આશાને ત્રશનામારી
તારાવીના અવરનાચાહું તારાવીના અવરનાગાવુ—ધુન
જમાવુ રાત દહાડી ગોવર
હવેતો દરશનની વાહલા વાટ જોઉછુ તારી અવર આશાઓ
દીધી બાળી ગોવર
દાસ પરદયા લાવી બુદ્ધી બતાવોસારી લાગોતારા સ્વરૂપથી તાળી
ચેત ચેત વીઠલવેલો રણછોડ તારાપર છુ ઘેલો દીવાના
ભગવાન શરવશ ધારી. ગોવર.

શ્રી વાસુદેવાઅર્પણ.

(સમાપ્ત.)